ડૉ.બાબાસાહેબ આંબેડકર ભવન
સેક્ટર-૧૨, જિ.ગાંધીનગરના
મકાન મરામત માટે સુધારેલી
વહીવટી મંજૂરી આપવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: SJED/ASO/e-file/17/2022/0057/G Section
સચિવાલય, ગાંધીનગર
તા.૦૧/03/૨૦૨૪

વંચાણે લીધા:

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૮/૦૧/૨૦૧૪ ના ઠરાવ ક્રમાંક: અબડ-૧૩૨૦૧૨—૭૧૭૩૬-ગ

(૨)સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૨/૦૯/૨૦૨૨ના ઠરાવ ક્રમાંક: અબડ-૧૩૨૦૧૨—૭૧૭૩૬(પા.ફા.)-ગ

(3) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૧૨/૧૨/૨૦૨૩નો પત્ર ક્રમાંક: અજાક/મ-૩/૨૦૨૩/૬૧૭૫

આમુખ:

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળ ભારતના બંધારણના ઘડવૈયા ડૉ.બાબાસાહેબ આંબેડકરની સ્મૃતિમાં રાજ્યમાં જિલ્લા મથકોએ આંબેડકર ભવનો બાંધવામાં આવે છે. વંચાણે લીધેલ ક્રમાંક: (૧) પરના તા.૦૮/૦૧/૨૦૧૪ના ઠરાવથી ડૉ.આંબેડકર ભવન સેક્ટર-૧૨, ગાંધીનગરના મકાનના રીનોવેશનની કામગીરી તથા સેન્ટ્રલી એ.સી.ની કામગીરી માટે રૂ.૪૪,૧૫,૨૨૦/-નો ખર્ચ કરવાની વહિવટી મંજૂરી આપવામાં આવેલ હતી. વંચાણે લીધેલ ક્રમાંક: (૨) પરના ઠરાવથી ડૉ.આંબેડકર ભવન સેક્ટર-૧૨, ગાંધીનગરના મકાનના સિવિલ કામ અને વિદ્યુત કામગીરીના મરામત કામ માટે રૂ.૧૪૯.૩૨/- લાખનો ખર્ચ કરવાની વહિવટી મંજૂરી આપવામાં આવેલ હતી. વંચાણે લીધેલ ક્રમાંક: (3) પરના નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના પત્રથી સદર ભવનના સિવિલ મરામત કામ માટે રૂ.૨,૧૮,૬૮,૯૫૩/-ની સુધારેલી વહિવટી મંજૂરી આપવા અત્રે દરખાસ્ત કરવામાં આવેલ, જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાને અંતે, ડૉ.આંબેડકર ભવન સેક્ટર- ૧૨, ગાંધીનગરના મકાન મરામત માટે વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક: (૨) પરના ઠરાવથી રૂ.૧,૪૯,૩૧,૯૪૭/-ની વહિવટી મંજૂરી આપેલ હતી. જેમાં સુધારેલા અંદાજો ધ્યાને લેતાં રૂ.૧,૬૪,૧૬,૫૦૦/-ની તેમજ નવા SOR મુજબના રૂ.૪૬,૫૯,૦૦૦/-ના અંદાજો (દરવાજા અને બારીઓ, ટોઈલેટ રીનોવેશન, ઓડીટોરીયમ, ઉધઈ હટાવવા ચાઈના મોસેઈક ટ્રીટમેન્ટ, વોટર પ્રૂફિંગ, પ્લમ્બીંગ, ડ્રેઈનેજ, કેમ્પસ ડેવલપમેન્ટ વર્ક) તથા સદર ભવન ખાતે કમ્પાઉન્ડમાં બગીચા અંગેના કામ માટે રૂ.૭,૯૩,૪૫૩/- એમ કુલ રૂ.૨,૧૮,૬૮,૯૫૩/-નો ખર્ચ કરવાની સુધારેલી વહિવટી મંજૂરી મૂળ વહિવટી મંજૂરીની શરતોને આધીન આપવામાં આવે છે.

સદરહુ ખર્ચ માંગણી ક્રમાંક – ૯૫ આયોજન; મુખ્ય સદર ૨૨૨૫ – અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ; પેટા સદર ૦૧ – અનુસૂચિત જાતિઓનું કલ્યાણ; ગૌણ સદર ૮૦૦ - અન્ય ખર્ચ; પેટા સદર ૧૦; SCW-20 ડૉ.આંબેડકર ભવનનો નિભાવ અને વિકાસ હેઠળ કરવાનો રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૨૧/૦૨/૨૦૨૪ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: SANTOSHKUMAR SURESHBHAI VASAVA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 01-Mar-2024 (04:22 PM)

(સંતોષ વસાવા)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ – ૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ, ગુજરાત
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર
- કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, જિ.ગાંધીનગર
- સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી(અ.જા.) (નિયામકશ્રી, અ.જા.ક. મારફત)
- સેક્શન અધિકારીશ્રી(બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય.
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ.), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઈટ પર મૂકવાની વિનંતીસહ
- સિલેક્ટ ફાઈલ ૨૦૨૪